જન્મદિને વધામણી

વિનોદ ડી રાદડીયા
કારોબારી સભ્ય
ગાંધીનગર કલ્ચરલ ફોરમ
પૂર્વ પ્રમુખ, રોટરી ક્લબ
ઓફ ગાંધીનગર
મો. ૯૮૨૫૦ ૨૭૭૭૫

સાત્વિક ત્રિવેદી
પૂર્વ પ્રમુખ
ગાંધીનગર જેસીઝ
એચઆર મેનેજર
કેપીટીએલ
મો. ૯૯૨૪૬ ૯૯૨૪૭

કૃપાબેન મનોજભાઈ જોષી
મો. ૯૭૨૪૫ ૧૨૦૬૬

હિતાર્થ મેહુલ દોશી
જૈન સોશિયલ ગ્રૂપ
મો. ૮૧૪૧૧ ૭૫૪૫૯

મનિષાબેન એ જૈન
ખજાનચી, સંગિની

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસો એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય.
- સંપાદક

ઈન્ફોસિટી જુનિયર સાયન્સ કૉલેજમાં શિક્ષકદિનની ઉજવણી

ગાંધીનગર, તા. ૭

ઈન્ફોસિટી જુનિયર સાયન્સ કૉલેજમાં શિક્ષકદિનની ઉજવણી ઉત્સાહથી કરવામાં આવી હતી. આચાર્ય તરીકે દિવ્યેશ પરમાર અને ડિરેક્ટર તરીકે યુક્તાના નેતૃત્વ હેઠળ સમગ્ર કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓ દ્વારા શિક્ષકોને પુષ્પગુચ્છ આપી ચરણવંદના કરવામાં આવી હતી.

શિક્ષણકાર્ય પૂરું કર્યા પછી ઇનામ વિતરણ અને સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન થયું હતું. શ્રેષ્ઠ શિક્ષક તરીકે ધ્યાની જોષી અને શૈલ્વી પટેલને એવોર્ડ આપવામાં આવ્યો હતો. ખુશી ત્રિવેદી અને દેવજ્ઞા મકવાણાને સિલ્વર મેડલ એનાયત કરવામાં આવ્યો હતો. ઉપરાંત અમદાવાદની નિરમા યુનિવર્સિટી ખાતે જ્ઞાનશિબિરમાં ભાગ લઈ શ્રેષ્ઠ દેખાવ કરનારા વિદ્યાર્થીઓને પ્રમાણપત્રો એનાયત કરવામાં આવ્યાં હતાં.

આચાર્ય ડૉ. પ્રદીપ ગગલાણી અને ડિરેક્ટર શૈલેષભાઈ પંડ્યાએ ગુરૂ-શિષ્યના પવિત્ર સંબંધો અંગે પ્રવચન આપી વિદ્યાર્થીઓને શુભેચ્છા પાઠવી હતી. ટ્રસ્ટી હિનાબેન ગગલાણીએ વિદ્યાર્થીઓને આશીર્વચન પાઠવી પ્રસંગોચિત ઉદ્બોધન કર્યું હતું.

શિક્ષક તુષારકુમાર, સ્વાતિબેન, જ્યોતિબેન, સબીહાબેન, ગોપીબેન, રેશમાબેન અને સેવકભાઈઓના સક્રિય સહકારથી કાર્યક્રમ સફળતાને વર્યો હતો. સમગ્ર કાર્યક્રમનું સુંદર સંચાલન કિરણ જુનેજાએ કર્યું હતું.

પ્રેરણા વિદ્યાલય દ્વારા શિક્ષકદિન ઉજવાયો

ગાંધીનગર, તા. ૭

સેક્ટર-૫ એ ખાતે કાર્યરત પ્રેરણા વિદ્યાલય દ્વારા શિક્ષકદિનની ઉજવણી અનન્ય ભાવપૂર્વક કરવામાં આવી હતી. પ્રાથમિક વિભાગના ૩૮ અને માધ્યમિક વિભાગના ૫૦ વિદ્યાર્થીઓ આ ઉજવણીમાં ઉત્સાહપૂર્વક જોડાયા હતા અને તેમણે એક દિવસ માટે શાળા સંચાલન પોતાને હસ્તક લઈ પોતાની જવાબદારી બખૂબી નિભાવી હતી. શાળાના શિક્ષકો દ્વારા આ તમામ કામગીરીનું નિરીક્ષણ કરવામાં આવ્યું હતું અને શ્રેષ્ઠ કામગીરી કરનારા વિદ્યાર્થીઓને વિજેતા જાહેર કરવામાં આવ્યા હતા. પ્રાથમિક વિભાગમાં તસવીર પરમાર, શુભમ રાવલ, મિષ્ટી ગોહેલ, દિપા સોનારા, ઓમકાર વાઘેલા, માધ્યમિકવ ભિાગમાં સરોજ શર્મા, ધૃતિ રાવલ, દિયા સોનારા, સંગીતા ચૌહાણ, માનસી સુથાર અને પાયલબા રાજપૂત દ્વારા શિક્ષક તરીકે અસરકારક કામગીરી બજાવવામાં આવી હતી.

શાળાના ટ્રસ્ટી નરેશભાઈ શાહ, આર એમ પટેલ અને આચાર્ય મનીષભાઈ ખત્રીએ સમગ્ર શાળા પરિવાર વતી આ અનોખી ઉજવણીમાં ભાગ લેવા બદલ વિદ્યાર્થીઓને બિરદાવી અભિનંદન પાઠવ્યા હતા.

શ્રી જે બી પ્રાથમિક શાળા દ્વારા શિક્ષકદિનની ઉત્સાહી ઉજવણી

ગાંધીનગર, તા. ૭

શ્રી જનતકુમાર ભગુભાઈ પ્રાઈમરી સ્કૂલ ખાતે શિક્ષકદિનની ઉજવણી ઉત્સાહથી કરવામાં આવી હતી, જેમાં શાળાના ૧૧૬ જેટલા વિદ્યાર્થીઓએ આચાર્ય, સુપરવાઈઝર, શિક્ષક, કારકુન અને સેવક તરીકેની જવાબદારી અદા કરી હતી. વિદ્યાર્થીઓએ પણ સ્વયંશિસ્ત જાળવી આ કાર્યક્રમમાં પોતાનો સહકાર આપ્યો હતો. છેલ્લા બે તાસ દરમિયાન સમારંભનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં શિક્ષણકાર્ય કરનાર વિદ્યાર્થીઓ તથા આચાર્યની જવાબદારી સંભાળનારા પ્રિયાંશુ ભાવેશકુમાર પનારા, શ્રેષ્ઠ શિક્ષણકાર્ય કરનાર વિદ્યાર્થી ધૃવિલ નીતિનકુમાર પટેલ અને તમામ વિદ્યાર્થીઓને આચાર્ય નીવાબેન પટેલે અભિનંદન પાઠવ્યા હતા.

આઇ.એચ.એમ.ની પરીક્ષા વિશે માહિતી આપશો

નમસ્કાર. 'કરિયર કોર્નર' કૉલમને ખૂબ સારો પ્રતિસાદ મળી રહ્યો છે. અમે આપના સહકારથી અમને ખૂબ પ્રોત્સાહન મળે છે અને અમે વિદ્યાર્થીઓને સચોટ માર્ગદર્શન આપવા કટિબદ્ધ છીએ. આભાર. હવે આપ અમને ફેસબુક પર લાઇક કરી શકો છો: facebook.com/questions.careercorner પર.

૧. હું ૧૧ આર્ટસ માં અભ્યાસ કરું છું. આઇ.એચ.એમ.ની પરીક્ષા વિશે માહિતી આપશો.
- મનીષા મકવાણા, ગાંધીનગર

મનિષા,આપનો સવાલ વાંચીને આનંદ થયો કે આપ આપના ધ્યેય પ્રત્યે સજાગ છો. આઇ.એચ.એમ એટલે કે ઈન્સ્ટિટ્યુટ ઑફ હોસ્પિટાલિટી મેનેજમેન્ટમાં પ્રવેશ માટે આપે એન. સી. એચ. એમ. સી. ટી.-જે. ઇ. ઇ.ની પ્રવેશ પરીક્ષા આપવાની હોય છે. આઇ.એચ.એમ જેવી પ્રતિષ્ઠત સંસ્થા માં એડ્મીશન આપ જણાવેલ પરીક્ષા દ્વારા લઈ શકો છો. આ પરીક્ષા માટેની તૈયારી આપ અત્યારથી જ ચાલુ કરી શકો છો. શુભસ્ય શીઘ્રમ! આ પરીક્ષા મા મુખ્યત્વે પાંચ પ્રકારના પ્રશ્નો પૂછાતા હોય છે. ગણિત, અંગ્રેજી, રિજનિંગ, સામાન્ય જ્ઞાન અને સર્વિસ એપ્ટિટ્યુડ. આ પાંચ પ્રકાર ના પ્રશ્નો પર નિયમિત વાંચન કરીને આપ સારા ગુણ પ્રાપ્ત કરી સારી અને પ્રતિષ્ઠત કોલેજ માં એડ્મીશન મેળવી શકો છો.સામાન્ય જ્ઞાનની વાત કરીએ તો એ માટે આપ નિયમિત ન્યૂઝ પેપર વાંચી શકો છો.એમાં પણ આપના માટે અંગ્રેજી ન્યૂઝપેપર વાંચવુ વધુ હિતાવહ છે કારણ કે આ પરીક્ષા અંગ્રેજીમાં થતી હોય છે. ન્યૂઝપેપર વાંચવાથી સામાન્ય જ્ઞાનની સાથે-સાથે અંગ્રેજીના શબ્દકોષમાં પણ વધારો થશે જે આપને પરીક્ષામાં મદદરૂપ થશે.આઇ.એચ.એમ. સિવાય પણ અન્ય પ્રતિષ્ઠિત સંસ્થાઓ છે ભારત માં જેના માટે પણ આપે પ્રવેશ પરીક્ષાઓ આપવાની હોય છે. અમુક સંસ્થાઓ લેખિત/ઓનલાઈન પરીક્ષા પછી ઈન્ટરવ્યૂ જેવી પ્રક્રિયા પણ રાખતા હોય છે. વધુ માહિતી માટે આપ અમને વોટ્સએપ અથવા ઈમેલ કરી શકો છો. શુભકામનાઓ એક જવલંત કારકિર્દી માટે!

૨. હુ બી.કોમ માં અભ્યાસ કરું છું. ગ્રેજ્યુએશન પછી એમ.બી.એ કરવું હિતાવહ રહે કે જોબ કરીને ૨ વર્ષ નો અનુભવ વધુ હિતાવહ રહેશે ?
- કિરણ બાલાની, કડી

કિરણ,આપના સવાલ નો જવાબ અમે એ રીતે આપવા માંગીશું કે જો આપને અનુકુળ હોય તો આપ બી.કોમ પછી સારી કોલેજ માટે કોઇ ઉચ્ચ પ્રવેશ પરીક્ષા સફળતા પૂર્વક પાસ કરી, આપની મનપસંદ એમ.બી.એ. કોલેજમાં એડ્મીશન લઇ શકો છો.કોઇ સારી અને પ્રતિષ્ઠત કોલેજમાં એડ્મીશન માટે આપને સી.એ.ટી (કેટ), એકસ. એ. ટી, સી. એમ. એટી., એસ. એન. એ. પી., એન. એમ. એ.ટી. અને અન્ય રાષ્ટ્રીય કક્ષાની પરીક્ષા આપી શકો છો.જો આપને આપની મનપસંદ કોલેજમાં એડ્મીશન કોઇ કારણોસર ના મળી શકે તો આપ બી.કોમ પૂરુ થયા બાદ કોઇ સારી જોબ મેળવીને જોબ ચાલુ કરી શકો છો. આવું એટલા માટે કારણ કે આપ જોબની સાથે-સાથે ફરી એમ.બી.એ.ની પ્રવેશ પરીક્ષા માટે તૈયારી કરી શકો છો. પણ એમ.બી.એ.ની પ્રવેશ પરીક્ષાની તૈયારી માટે મોટાભાગે ઘરે એક વર્ષ બેસવાની જરૂર નથી હોતી. એટ્લે સંક્ષિપ્તમાં કહીએ તો જો આપ અત્યારથી જ એમ.બી.એ માટેની પરીક્ષા માટે તૈયારી ચાલુ કરો તો આપ આપની મનપસંદ અને પ્રતિષ્ઠત કોલેજમાં એડ્મીશન લઇ શકો છો, અન્યથા આપ જોબ કરીને અનુભવ મેળવી શકો છો. વધુ માહિતી માટે આપ અમને વોટ્સએપ અથવા ઈમેલ કરી શકો છો. શુભકામનાઓ એક જવલંત કારકિર્દી માટે!

૩. હું ૧૧ કોમર્સમાં અભ્યાસ કરું છું. હુ આઇ.આઇ.એમ.માં એડ્મીશન કઇ રીતે મેળવી શકું?
- રમનપ્રીત કૌર, કલોલ

સૌપ્રથમ તો આપને અભિનંદન કે આપને અત્યારથીજ આપનો ધ્યેય ખ્યાલ છે અને આપ ધ્યેયને હાંસિલ કરવા પ્રયત્નશીલ છો. આપનો ધ્યેય ઘણો ઊંચો પણ છે અને એ સારી વાત છે. હવે આપના સવાલની વાત કરીએ તો આપ આઈ.આઈ.એમ.માં એડ્મીશન લેવા માંગો છો તો આપ ૧૨ પૂરું કરીને અથવા તો ગ્રેજ્યુએશન પૂરું કર્યા પછી આઈ.આઈ.એમ.માં એડ્મીશન મેળવી શકો છો.જો આપ ૧૨ંર પછી એમ.બી.એ કરવું હોય તો આપ આઈ.આઈ.એમ.-આઈ.પી.એમ એટ્લે કે ઈન્ટેગ્રેટેડ પ્રોગ્રામિંગ ઈન મેનેજમેંટ નામની પ્રવેશ પરીક્ષા આપી, આઈ.આઈ.એમ.માં એડમિશન મેળવી શકો છો.આપને જણાવી દઈએ કે ૧૨ંર પછી આ પાંચ વર્ષનો કોર્ષ કરાવતી એક માત્ર આઈ.આઈ.એમ. છે અને તે ઇન્દોર સ્થિત છે. આ પરીક્ષામાં મુખ્યત્વે ગણિત અને અંગ્રેજી ના પ્રશ્નો પૂછાતા હોય છે. આઈ. પી.એમ.ની પરીક્ષા ઓનલાઈન હોય છે અને ઓનલાઈન પરીક્ષામાં ઉતીર્ણ થયા બાદ આપે નિબંધ લેખન અને ઈન્ટરવ્યૂ પાસ કરી સિલેક્ટ થવું પડે છે. બીજા વિકલ્પની વાત કરીએ તો આપ ગ્રેજ્યુએશન બાદ પણ એડ્મીશન મેળવી શકો છો. તેના માટે આપે સી.એ.ટી.(કેટ) નામક પરીક્ષા આપવાની હોય છે.

કરિયર કોર્નર
કારકિર્દી માર્ગદર્શક પ્રશ્નમંચ
હાર્દિક કે. પરીખ



આ પરીક્ષામાં મુખ્યત્વે ગણિત , તાર્કિક, અંગ્રેજીના વિષયોમાંથી પ્રશ્નો પૂછાતા હોય છે. સામાન્ય જ્ઞાન માટે આપ અત્યારથી જ અંગ્રેજી ન્યુઝ પેપર વાંચવાની શરૂઆત કરી શકો છો.૧૨ંર પછી આઈ.આઈ.એમ.માં જવાનો એક સારો વિકલ્પ આપની પાસે છે કારણકે ઘણા બધા વિદ્યાર્થીઓ પાસે આ વિશેની માહિતી ના હોઈ, આ પરીક્ષામાં સ્પર્ધા પ્રમાણ માં ઓછી હોય છે જેથી આપ થોડી વધુ મેહનત કરીને ઉત્તિર્ણ થઈ શકો છો. વધુ માહિતી માટે આપ અમને વોટ્સએપ અથવા ઈમેલ કરી શકો છો. શુભકામનાઓ એક જવલંત કારકિર્દી માટે!

ઈમેલ: questions.careercorner@gmail.com
WhatsApp no. : 8849221653
Facebook : www.facebook.com/questions.careercorner

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત

શ્રીમતી ઍમ બી પટેલ ગર્લ્સ પ્રાઈમરી સ્કૂલમાં શિક્ષકદિનની ઉજવણી કરાઈ

ગાંધીનગર, તા. ૭

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી ઍમ બી પટેલ ગર્લ્સ પ્રાઈમરી સ્કૂલમાં શિક્ષકદિનની ઉજવણી ઉત્સાહી વાતાવરણમાં કરવામાં આવી હતી. ધોરણ-૮ની ૮૨ વિદ્યાર્થિનીઓએ ધોરણ-૧થી ૮ના ૩૧ વર્ગોમાં શિક્ષણકાર્ય સંભાળ્યું હતું. ધોરણ-૭ની પાંચ વિદ્યાર્થિનીઓએ ક્લાર્ક તથા પાંચ વિદ્યાર્થિનીઓએ સેવક તરીકેની ભૂમિકા અદા કરી હતી.

આ ઉજવણીમાં ભાગ લેનારી તમામ વિદ્યાર્થિનીઓને માધવ બુક સ્ટોરના સંચાલક બાબુભાઈ ચૌધરી તરફથી પુસ્તકની ભેટ આપવામાં આવી હતી. કાર્યક્રમનું સંચાલન હાર્દિ ચૌધરી દ્વારા કરવામાં આવ્યું હતું.

શિક્ષણનું કાર્ય શ્રેષ્ઠ રીતે કરનારા વિદ્યાર્થીશિક્ષક તરીકે પ્રથમ ક્રમે શ્રેયાબા મહિપતસિંહ સોઢા, હેલી અશ્વિનભાઈ પટેલ, દ્વિતિય ક્રમે હની રાવલ અને ત્રીજા ક્રમે મિત્તલ, દિશા વિજેતા બન્યાં હતાં. સુપરવાઈઝર રાજેન્દ્રભાઈએ શિક્ષકદિનનું મહત્ત્વ સમજાવ્યું હતું તથા નીરૂબેન પટેલે વિદ્યાર્થિનીઓને આશીર્વચન પાઠવ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું આયોજન મદદનીશ શિક્ષક ચંદ્રકાન્તભાઈ અને પ્રવીણભાઈએ કર્યું હતું.

દિલ્હી પબ્લિક સ્કૂલ ખાતે શિક્ષક દિવસ નિમિત્તે

નૂતન ટેકનોલૉજીની યુવાનો પર અસર વિષયે પરિસંવાદ યોજાયો

ગાંધીનગર, તા. ૭

ઈન્ડિપેન્ડન્ટ માસ પાવર નેશનલ ઈન્સ્ટીટ્યુટ ઑફ માસ કમ્યુનિકેશન ઍન્ડ જર્નાલિઝમ દ્વારા પ્રથમવાર જ વિદ્યાલય સ્તરે આ પ્રકારનો પરિસંવાદ યોજવામાં આવ્યો હતો, જેનું યજમાનપદ દિલ્હી પબ્લિક સ્કૂલ, ગાંધીનગરે નિભાવ્યું હતું.

કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ ભાવિ ભારતના નાગરિક એવા ધોરણ-૧૨ના વિદ્યાર્થીઓ ટેકનોલૉજીનો ઉપયોગ દેશની ઉન્નતિ અને પ્રગતિ માટે કરે તથા ભવિષ્યમાં ટેકનોલૉજી દ્વારા દેશ હરણફાળ ભરે તે હતો.

દિલ્હી પબ્લિક સ્કૂલ, ગાંધીનગરના ધોરણ-૧૨ના વિદ્યાર્થી ટી. હરિધરન, વરુણ ચતુર્વેદી, જીત કાનેરી તથા કોણાર્ક મારવાહે આ પરિસંવાદમાં ભાગ લીધો હતો.

'મૂડ કાફે'ના સીઈઓ મિકુલ પટેલ અને દિલ્હી પબ્લિક સ્કૂલ, ગાંધીનગરના કમ્પ્યુટર શિક્ષક સમીર પરમારે વિષય નિષ્ણાત તરીકે સેવાઓ આપી હતી.

બીબીએ કોલેજના વિદ્યાર્થીઓની હાર્ટફૂલનેસ સંસ્થામાં સફળ ઈન્ટર્નશીપ

કડી સર્વવિશ્વવિદ્યાલય સંલગ્ન બીપી.કૉલેજ ઓફ બિઝનેસ ઍડમિનીસ્ટ્રેશન (બીબીએ)ના ૬૩ વિદ્યાર્થીઓ આંતરરાષ્ટ્રીય સેમીનારમાં ઈન્ટર્નશીપ માટે તેલંગાણા સ્થિત હૈદરાબાદ જીલ્લામાં આવેલ કાન્હા ખાતે સફળતાપૂર્વક સંપન્ન કરી હતી. મેનેજમેન્ટના વિદ્યાર્થીઓ ઉપરોક્ત ઈન્ટર્નશીપ માં પસંદગી પામ્યા તે કોલેજ માટે ગૌરવ ની બાબત છે. વિદ્યાર્થીઓ દ્વારા કોલેજ પરત આવ્યા બાદ તેઓના પ્રેજન્ટેશન કોલેજ દ્વારા રાખવામાં આવ્યા હતા. જેમાં વિદ્યાર્થીઓએ પોતે મેળવેલી તાલીમ બાબતે ઓડિયો વિઝ્યુઅલ તેમજ તેમના અનુભવોની મૌખિક રજૂઆત કરવામાં આવી હતી. કોલેજ તરફથી આચાર્ય ડો.રમાકાંત પૃષ્ટિ તેમજ ઉપાચાર્ય પ્લેસમેન્ટ તેમજ ટ્રેનીંગ કમિટીના હેડ ડો. જયેશ તન્ના સાહેબ ઉપસ્થિત રહ્યા હતા. આચાર્યશ્રી દ્વારા વિદ્યાર્થીઓ ને અભિનંદન પાઠવ્યા હતા. તેમજ હર હમેશ નવીન તક માટે તત્પર રહેવા જણાવ્યું હતું. જયારે ડો. જયેશ તન્ના સાહેબ દ્વારા વિદ્યાર્થીઓ ના પ્રેઝન્ટેશન બાબતે ઉપયોગી સૂચનો કર્યા હતા. અને કાર્યક્રમનું આયોજન કર્યું હતું.

કેઍસવી ફૅકલ્ટી ઑફ ઍજ્યુકેશન દ્વારા સાયન્સ સિટીની અભ્યાસ મુલાકાત લેવાઈ

ગાંધીનગર, તા. ૭

કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન ફૅકલ્ટી ઑફ ઍજ્યુકેશનની ઍસ ઍસ પટેલ કૉલેજ ઑફ ઍજ્યુકેશન, આર ઍચ પટેલ ઇંગ્લિશ મીડિયમ બીઍડ કૉલેજ અને વકીલ શ્રી ડી ઍચ પટેલ ડિપાર્ટમૅન્ટ ઑફ ઍજ્યુકેશનના તાલીમાર્થીઓ અને અધ્યાપકોએ અમદાવાદ ખાતે આવેલ સાયન્સ સિટીની મુલાકાત લીધી હતી.

તાલીમાર્થીઓએ આ વિઝીટ દરમિયાન સાયન્સ સિટી ખાતે વિવિધ મૉડેલનું નિરીક્ષણ કર્યું હતું અને હોલ ઑફ સ્પેસ ઍન્ડ સાયન્સ, જુદા જુદા વૈજ્ઞાનિકો અંગેની માહિતી, ચિલ્ડ્રન એક્ટિવિટી સેન્ટર, અણુ ઊર્જા વિશેની વિવિધ માહિતી, ઍક્ઝીબિશન હૉલ, લાઈફ સાયન્સ પાર્ક, વિવિધ જીવોની જીવનશૈલી વગેરેની માહિતી પ્રાપ્ત કરી હતી.

કાર્યક્રમનું આયોજન અને સંચાલન ડૉ. વિભાબેન દ્વિવેદી અને અજયભાઈ રાવલ દ્વારા કરવામાં આવ્યું હતું.

આર સી પટેલ સ્કૂલમાં સ્વયં શિક્ષકદિન

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત ગાંધીનગર સ્થિત શ્રીમતી આર સી પટેલ સ્કૂલમાં સ્વયં શિક્ષકદિન ઉજવવામાં આવ્યો હતો, જેમાં શાળાના માધ્યમિક વિભાગના ૧૦૦ વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. ક્રિષ્ના શાર્દુલભાઈ ઠાકરે આચાર્ય તરીકેની ભૂમિકા નિભાવી હતી.

ધોળાકુવા પ્રાથમિક શાળામાં શિક્ષકદિનની ઉત્સાહી ઉજવણી

ધોળાકુવા પ્રાથમિક શાળામાં શિક્ષકદિનની ઉત્સાહી ઉજવણી કરવામાં આવી હતી. વિદ્યાર્થીઓ દ્વારા શિક્ષકોને પુષ્પગુચ્છ આપી ચરણ વંદના કરવામાં આવી હતી.

આચાર્ય સુરીતાબેન ચૌધરી અને શિક્ષક રશ્મિકાબેને વિદ્યાર્થીઓને આશીર્વચન પાઠવ્યા હતા. વિદ્યાર્થી કલ્પેશકુમારે આચાર્ય તરીકે અને કલ્પેશ, ભાવેશ, સોનલ, પુનમ, ક્રિષ્ના, પ્રભાવતિ વગેરેએ શિક્ષક તરીકેનું કાર્ય કર્યું હતું.

શિક્ષક અલ્પિતાબેન, હસુબેન, સુહાસબેન, વિમળાબેન, સોનલબેનના સક્રિય સહયોગથી કાર્યક્રમ સફળ બન્યો હતો.